# સુમુલ ચૂંટણી: કોંગ્રેસના ઉમેદવારો, ટેકેદારોને રાજસ્થાન લઈ જવાયા

**ઉમેદવારોને** સાચવવા રાજસ્થાન કોંગ્રેસના સાંસદોની મદદ લેવાઈ

**કેટલાકને** ખેડૂત પશુપાલક આગેવાનોને ત્યાં મોકલવામાં આવ્યા

સુરતઃ સુરત અને તાપી જિલ્લાના 2.50 લાખ પશુપાલકોની જીવાદોરી સામાન સુમુલ ડેરીના બોર્ડ ઓફ મેનેજમેન્ટની ચૂંટણી માટે 16 માંથી 5 બેઠકો પર ભાજપના ઉમેદવારો સંદીપ દેસાઈ,રાજુ પાઠક સહિત 5 ઉમેદવારો બિનહરીફ થવા ઉપરાંત ઉમરપાડા બેઠક પર દરખાસ્ત મુકનાર ગાયબ થતા કોંગ્રેસ સજાગ થઈ છે.

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા ડો.તુષાર ચૌધરી,પ્રદેશ મહામંત્રીદર્શન નાયક,સુરત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ આનંદ ચોધરી અને તાપી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ વિભવ ગામીતના નેતૃત્વમાં કોંગ્રેસના 9 ઉમેદવારો, દરખાસ્ત મુકનાર,ટેકેદારો અને પરિવારના સભ્યોને રાજસ્થાન અને મધ્યપ્રદેશ મોકલવામાં આવ્યા છે.રાજસ્થાનમાં કોંગ્રેસના સાંસદો અને મધ્યપ્રદેશમાં પશુપાલક અને ખેડૂત આગેવાનોને ત્યાં કોંગ્રેસના ઉમેદવારોને રાખવામાં આવ્યા છે.કોંગ્રેસના 2 ઉમેદવારો સુરત અને તાપી જિલ્લામાં જ રહેશે.હવે 4 જુલાઈ 3 વાગ્યે જ સુરત અને તાપી જિલ્લાના પોતાના તાલુકાઓના ઘરે આવશે.4 જુલાઈ બપોરે 3 વાગ્યે ફોર્મ ખેંચવાનો છેલ્લો દિવસ છે.એ પછી તેઓ પરત થશે.

કોંગ્રેસ અગ્રણી ડો .તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે,'સુમુલમાં મેન્ડેટિયો ભ્રષ્ટાચાર આચરવા ભાજપ કોંગ્રેસના ઉમેદવારો,દરખાસ્ત મુકનાર,ટેકેદારોને ડરાવી રહી છે, ધાકધમકી આપી રહી છેતેમ છતાં કોંગ્રેસના 11 ઉમેદવારો ટેકેદારો ટકી રહ્યાં છે. અમે કોંગ્રેસના 9 ઉમેદવારોને તેઓના સમર્થકો સાથે 4 જુલાઈ સુધી એકજ સ્થળે રાખીશું. અમારા ઉમરપાડાના ઉમેદવારના ટેકેદારનું અપહરણ થયું છે કેતેઓને ગાયબ કરવામાં આવ્યા છે.તેઓના પરિવારજનોએ પણ ચિંતા વ્યક્ત કરી છે.ચૂંટણી અધિકારીની સમક્ષ ઉમેદવારે ટેકેદાર,દરખાસ્ત મુકનાર સાથે ફોર્મ ભર્યું છે.હવે ફોર્મ ખેંચવાના દિવસે પણ ત્રણે એક સાથે રહે એ માટે કોંગ્રેસના આગેવાનો 4 જુલાઈ સુધી રોજ સવારથી બપોર સુધી ચૂંટણી અધિકારીના કાર્યાલય પાસે હાજર રહેશે.

### સોનગઢ બેઠકની સુનાવણીમાં આપના અરવિંદ ગામીતનું ફોર્મ મંજૂર કરાયું

સોનગઢ બેઠકના ભાજપના ઉમેદવાર માજી મંત્રી અને સુમુલ ડિરેક્ટર કાંતિભાઈ ગામીતે ચૂંટણી અધિકારી એન.એન.સવાણી સમક્ષ સોનગઢ બેઠકના ઉમેદવાર અરવિંદ ગામિત મુદત વીતી બાકીદાર હોવાની ફરિયાદ કરી તેઓનું ફોર્મ રદ કરવા માંગ કરતા ચૂંટણી અધિકારીએ અરવિંદ ગામીતને લેખિત ખુલાસો કરવા અને સુનાવણી રાખવાની તક આપી હતી. સોનગઢ તાલુકા મતદાર મંડળમાંથી ઉમેદવાર અરવિંદભાઇ સીંગાભાઇ ગામીત સામે કાંતિભાઈ ગામીતે વાંધો રજૂ કર્યો હતો કે, અરવિંદભાઇ સીંગાભાઇ ગામીત તે ગુજરાત સ્ટેટ કો.ઓ.ફ્રૂટ એન્ડ વેજીટેબલ માર્કેટીંગ ફેડરેશન લી. ડિફોલ્ટર/મુદતવીતી બાકીદાર હોય,તેઓનું ચૂંટણીમાં ઉમેદવારી ફોર્મ રદ કરવા રજૂઆત કરી હતી.જોકે ચૂંટણી અધિકારી એન.એન.સવાણી એ પોતાના ચુકાદામાં નોંધ્યું હતું કે,ઉમેદવાર અરવિંદભાઈ ગામિત વ્યક્તિગત રીતે સક્ષમ કોર્ટ દ્વારા ડિફોલ્ટર,બાકીદાર હોય એવું જણાતું ન હોવાથી તેઓનું ફોર્મ માન્ય રાખવામાં આવે છે. સોનગઢ બેઠક પર 2020 ની ચૂંટણીમાં પણ કાંતી ગામિત અને અરવિંદ ગામિત વચ્ચે જંગ જામ્યો હતો. 58/58 મત સાથે આ બેઠક ટાઇ થઈ હતી એમાં ચિઠ્ઠી ઉછાળવામાં આવતા કાંતિભાઈ ગામિત જીતી ગયા હતા.

### કોંગ્રેસના 11 ઉમેદવારનાં ફોર્મ મંજૂર થતાં વ્યારા બેઠક પરથી 2 અને ઉચ્છલ બેઠક પરથી 1 ઉમેદવારે ફોર્મ પરત ખેંચ્યું

સુમુલની ચૂંટણીમાં કોંગ્રેસના પ્રભાવ વાળી બેઠકો પરથી જો ફોર્મ રદ થાય તો બેઠકો ખાલી ન જાય એ માટે બીજા પ્રભાવશાળી આગેવાનો પાસે પણ ડો.તુષાર ચૌધરી અને વિભવ ગામીતે ફોર્મ ભરાવ્યા હતાં. ફોર્મ ચકાસણી પછી કોંગ્રેસના 11 ઉમેદવારોના ફોર્મ મંજૂર થતા આજે વ્યારા બેઠક પરથી માજી ધારાસભ્ય પુનાજીભાઈ ગામીત અને અરવિંદભાઈ રૂમસીંગભાઈ ચૌધરી એ કોંગ્રેસના સેટિંગ ડિરેક્ટર સિદ્ધાર્થ ચૌધરીના સમર્થનમાં ફોર્મ પરત ખેંચી લીધા હતા.એવી જ રીતે ઉચ્છલ બેઠક પરથી સમીર દામજીભાઇ વસાવા એ કોંગ્રેસના સીટિંગ ડિરેક્ટર સુનિલ ગામીતના સમર્થનમાં ઉમેદવારી પરત ખેંચી લેતા આ બેઠકો પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધો જંગ મંડાશે.

# બાન્દ્રા-જયપુર સહિત વિશેષ ટ્રેનોના ફેરા લંબાવાયા

**વધારાની** ભીડને પહોંચી વળવા માટે વિવિધ રૂટ પર દોડતી સ્પેશિયલ ટ્રેનો માટે મહત્ત્વનો નિર્ણય

સુરતઃ પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને ટ્રેનોમાં જોવા મળતી વધારાની ભીડને પહોંચી વળવા માટે વિવિધ રૂટ પર દોડતી સ્પેશિયલ ટ્રેનોના ફેરા લંબાવવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી અખબારી યાદી અનુસાર, ટ્રેન સંખ્યા 09708 બાંદ્રા ટર્મિનસ-જયપુર સ્પેશિયલને 09 જુલાઈ, 2026 સુધી અને વળતી ટ્રેન સંખ્યા 09707 જયપુર-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલને 08 જુલાઈ, 2026 સુધી લંબાવી દેવામાં આવી છે. આ જ રીતે ટ્રેન સંખ્યા 04828 બાંદ્રા ટર્મિનસ-ભગત કી કોઠી સ્પેશિયલને 26 જુલાઈ સુધી અને ટ્રેન સંખ્યા 04827 ભગત કી કોઠી-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલને 25 જુલાઈ, 2026 સુધી વિસ્તારી દેવાઈ છે.

દક્ષિણ ગુજરાતના મુસાફરો માટે ઉપયોગી એવી ટ્રેન સંખ્યા 04728 વલસાડ-હિસાર સ્પેશિયલ હવે 30 જુલાઈ સુધી અને પરત આવતી ટ્રેન સંખ્યા 04727 હિસાર-વલસાડ સ્પેશિયલ 29 જુલાઈ, 2026 સુધી દોડશે. આ ઉપરાંત ટ્રેન સંખ્યા 04736 લક્ષ્મી બાઈ નગર-શ્રીગંગાનગર સ્પેશિયલના ફેરા 31 જુલાઈ સુધી તથા ટ્રેન સંખ્યા 04735 શ્રીગંગાનગર-લક્ષ્મી બાઈ નગર સ્પેશિયલના ફેરા 30 જુલાઈ, 2026 સુધી લંબાવવામાં આવ્યા છે.

રેલવે પ્રશાસન દ્વારા જણાવવામાં આવ્યું છે કે લંબાવવામાં આવેલા આ ફેરા પૈકી ટ્રેન સંખ્યા 09708, 04828, 04728 અને 04736 માટેનું ટિકિટ બુકિંગ 30 જૂન, 2026થી તમામ રેલવે PRS કાઉન્ટરો તથા IRCTCની સત્તાવાર વેબસાઈટ પર શરૂ થઈ જશે.

**6 જુલાઈની બેઠક પર સૌની નજર, સવા મહિના બાદ**

# સુરત જિલ્લા પંચાયતમાં વિવિધ ખાસ સમિતિઓની રચના થવાની શક્યતા

**સમિતિઓના** અભાવે સુરત જિલ્લા પંચાયતના કરોડોનાં વિકાસ કામો અટક્યાં

સુરતઃ સુરત જિલ્લા પંચાયતમાં પ્રમુખ અને ઉપપ્રમુખની પસંદગી થયા બાદ પણ કારોબારી સમિતિ સહિત વિવિધ ખાસ સમિતિઓની રચનામાં થયેલા વિલંબના કારણે જિલ્લા પંચાયતના કરોડો રૂપિયાના વિકાસકામો પર બ્રેક લાગી ગઈ હોવાનું સામે આવ્યું છે. હવે આગામી 6 જુલાઈએ બપોરે 1 વાગ્યે યોજાનારી સામાન્ય સભામાં વિવિધ સમિતિઓના સભ્યો તથા અધ્યક્ષોની રચના માટેનો માર્ગ મોકળો થવાની સંભાવના વ્યક્ત થઈ રહી છે.

સમિતિઓની રચના ન થતાં અનેક વિકાસલક્ષી કામો મંજૂરીની પ્રક્રિયામાં અટકી પડ્યા હોવાનું સૂત્રો જણાવે છે. જિલ્લા પંચાયત દ્વારા આગામી 6 જુલાઈની સામાન્ય સભાનો એજન્ડા જાહેર કરી દેવાયો છે. ચૂંટાયેલા સભ્યોને એજન્ડાની નકલ મોકલી આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. સામાન્ય સભાના એજન્ડામાં વિવિધ ખાસ સમિતિઓમાં અઢી વર્ષ માટે સભ્યોની નિમણૂક, કારોબારી સહિતની સમિતિઓની રચનાની દરખાસ્ત સામેલ કરવામાં આવી છે.

### પ્રદેશ ભાજપના મેન્ડેટ બાદ જ ખૂલશે અધ્યક્ષોનાં નામ

જિલ્લા ભાજપ સંગઠન તરફથી સમિતિઓના સભ્યો અને અધ્યક્ષોની પસંદગી કરવામાં આવશે તેવી શરૂઆતની ધારણા વચ્ચે હવે તમામ નામો પ્રદેશ કક્ષાના મેન્ડેટથી જાહેર થશે તેવી માહિતી સામે આવી રહી છે. પરિણામે સ્થાનિક સંગઠનની ભૂમિકા મર્યાદિત બની હોવાની ચર્ચા રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે.

### કારોબારી અધ્યક્ષ પદને લઈને અનેક અટકળો

જિલ્લા પંચાયતના ચૂંટાયેલા એક સભ્યને પોતાના રાજકીય ગુરુના સમર્થનના આધારે કારોબારી અધ્યક્ષનું પદ મળવાની પ્રબળ શક્યતા હોવાનું અગાઉ ચર્ચાતું હતું, પરંતુ અંતિમ ક્ષણે મેન્ડેટ જાહેર ન થતાં સમગ્ર પ્રક્રિયા અટકી ગઈ હતી. હવે ફરી સમિતિઓની રચનાની પ્રક્રિયા શરૂ થતાં આ પદ કોના ફાળે જશે તે અંગે રાજકીય ગલીયારામાં ચર્ચા તેજ બની છે. જોકે અંતિમ નિર્ણય પ્રદેશ નેતૃત્વના મેન્ડેટ બાદ જ સ્પષ્ટ થશે.

# પ્લાઝમા ભેળસેળ કૌભાંડનો રેલો મહારાષ્ટ્ર સુધી પહોંચ્યો

**મુખ્ય** આરોપી દિનેશ ચૌધરીનો મહારાષ્ટ્રની 8 બ્લડ બેંકો સાથે સીધો સંપર્ક

અમદાવાદઃ અમદાવાદના ચાંદગોરમાંથી ઝડપાયેલું બ્લડ પ્લાઝમાં ભેળસેળ કૌભાંડની તપાસને રેલો મહારાષ્ટ્ર સુધી પહોંચ્યો છે. અમદાવાદ ગ્રામ્ય સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા પર્દાફાશ કરાયેલા બ્લડ પ્લાઝ્મા ભેળસેળ કૌભાંડમાં પોલીસ તપાસ દરમિયાન મુખ્ય આરોપી પાસેથી જપ્ત કરાયેલા તમામ 1,140 બ્લડ પ્લાઝ્મા યુનિટ લેબોરેટરી પરીક્ષણમાં ભેળસેળયુક્ત અને માનવ ઉપયોગ માટે સંપૂર્ણપણે અયોગ્ય હોવાનું સામે આવ્યું છે. આ સાથે તપાસનો દોર હવે ગુજરાતની બહાર મહારાષ્ટ્રની અનેક બ્લડ બેંકો સુધી પહોંચ્યો છે.

પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે અત્યાર સુધીની તપાસમાં ગુજરાતની કોઈપણ હોસ્પિટલ કે બ્લડ બેંકમાં આ ભેળસેળયુક્ત પ્લાઝ્માનો પુરવઠો પહોંચ્યો હોવાના પુરાવા મળ્યા નથી. મુખ્ય આરોપી દિનેશ ચૌધરી ઉચ્ચ ગુણવત્તાવાળા બ્લડ પ્લાઝ્માની બેગમાંથી ચોક્કસ માત્રામાં અસલી પ્લાઝ્મા કાઢી લેતો હતો અને તેની જગ્યાએ એટલી જ માત્રામાં સલાઈન વોટર ભરી દેતો હતો. આ પ્રક્રિયાથી બેગનું કુલ વજન અને જથ્થો યથાવત રહેતો હતો, પરંતુ પ્લાઝ્માની ગુણવત્તા ગંભીર રીતે બગડી જતી હતી. ત્યારબાદ આ ભેળસેળયુક્ત પ્લાઝ્મા ફાર્માસ્યુટિકલ કંપનીઓને સપ્લાય કરવામાં આવતો હતો, જ્યારે કાઢી લેવાયેલો અસલી પ્લાઝ્માનો પણ અલગથી ગેરકાયદેસર ઉપયોગ થતો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. પોલીસ તપાસમાં આરોપી દિનેશ ચૌધરી મહારાષ્ટ્રના વાશીમ અને ઝાલ વિસ્તારમાં આવેલી બ્લડ બેંકો સાથે સંકળાયેલો હતો. આ બંને બ્લડ બેંકના સંચાલકોની પણ પોલીસે પૂછપરછ શરૂ કરી છે.

# નર્મદ યુનિવર્સિટીમાં ચાર રાઉન્ડ બાદ માત્ર 39,902 પ્રવેશ કન્ફર્મ

**જીકાસનો** ચોથો અને અંતિમ નિયમિત રાઉન્ડ પૂર્ણ, પૂરક પરીક્ષા પાસ કરનાર અને નવા અરજદારો માટે ખાસ રાઉન્ડ જાહેર થશે, ખાનગી યુનિવર્સિટીઓમાં પ્રતિસાદ નબળો

સુરતઃ રાજ્યની 16 સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓ માટે જીકાસ (GCAS) મારફતે ચાલી રહેલી અંડરગ્રેજ્યુએટ પ્રવેશ પ્રક્રિયાનો ચોથો અને નિયમિત અંતિમ રાઉન્ડ પૂર્ણ થઈ ગયો છે. જોકે ચાર રાઉન્ડ બાદ પણ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં આશરે અડધા જેટલા વિદ્યાર્થીઓએ જ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો હોવાથી હવે તમામની નજર જીકાસ દ્વારા જાહેર થનારા ખાસ રાઉન્ડ પર છે. નર્મદ યુનિવર્સિટીમાં અભ્યાસ માટે કુલ 80,914 વિદ્યાર્થીઓએ ચોઈસ ભરી હતી, જ્યારે 79,165 વિદ્યાર્થીઓએ અરજી ફોર્મ સબમિટ કર્યા હતા. ચારેય રાઉન્ડ પૂર્ણ થતાં અત્યાર સુધીમાં માત્ર 39,902 વિદ્યાર્થીઓએ જ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો છે. હવે પૂરક પરીક્ષામાં પાસ થનારા તેમજ અગાઉ કોઈ કારણસર નોંધણી ન કરાવી શકનારા વિદ્યાર્થીઓને તક આપવા માટે જીકાસ દ્વારા ખાસ રાઉન્ડ જાહેર કરવામાં આવશે.

20 જૂનથી શરૂ થયેલા ચોથા રાઉન્ડમાં 23 જૂન સુધી પ્રવેશ ઓફર કરવામાં આવ્યા હતા, જ્યારે વિદ્યાર્થીઓને 29 જૂન સુધી પ્રવેશ કન્ફર્મ કરવાની મુદત આપવામાં આવી હતી. આ સાથે નિયમિત પ્રવેશના ચારેય રાઉન્ડ પૂર્ણ થયા છે. ખાનગી યુનિવર્સિટીઓમાં પ્રવેશનો પ્રતિસાદ પણ ખાસ ઉત્સાહજનક રહ્યો નથી. ભગવાન મહાવીર યુનિવર્સિટીમાં 2,431 અરજી સામે માત્ર 43 વિદ્યાર્થીએ પ્રવેશ કન્ફર્મ કર્યો છે. સાર્વજનિક યુનિવર્સિટીમાં 5,997 અરજીમાંથી 377 વિદ્યાર્થીએ પ્રવેશ લીધો છે. જ્યારે પી.પી. સવાણી યુનિવર્સિટીમાં 2,108 અરજી નોંધાયા હોવા છતાં હજુ સુધી એક પણ વિદ્યાર્થીએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો નથી.

### પીજી પ્રવેશમાં આજથી મોક રાઉન્ડ

પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સોમાં પ્રવેશ માટેની નોંધણી પ્રક્રિયાનો પ્રથમ તબક્કો 29 જૂને પૂર્ણ થયો છે. નર્મદ યુનિવર્સિટીમાં પીજી અભ્યાસ માટે અત્યાર સુધીમાં 7,482 વિદ્યાર્થીએ ચોઇસ ભરી છે, જ્યારે 7,348 વિદ્યાર્થીએ નોંધણી પૂર્ણ કરી છે. હવે મંગળવારથી 3 જુલાઈ સુધી મોક રાઉન્ડ યોજાશે. ત્યારબાદ 7 જુલાઈથી પ્રથમ પ્રવેશ રાઉન્ડ શરૂ થશે અને 28 જુલાઈએ ત્રીજા તથા અંતિમ રાઉન્ડ સાથે પીજી પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થશે.

# વસઈથી વલસાડ-વેલાંકન્નિ-દહાણુ રોડ વચ્ચે સ્પેશિયલ ટ્રેન

સુરતઃ પશ્ચિમ રેલવે દ્વારા વલસાડ, વેલાંકન્નિ અને ડહાણુ રોડ સ્ટેશનો વચ્ચે વિશેષ ભાડા પર એક સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવાયો છે.

ટ્રેન સંખ્યા 09030 વલસાડ-વેલાંકન્નિ સ્પેશિયલ વલસાડથી શુક્રવાર, 03 જુલાઈ, 2026ના રોજ સાંજે 18.25 વાગ્યે પ્રસ્થાન કરશે અને રવિવારે સવારે 10.00 વાગ્યે વેલાંકન્નિ પહોંચશે.

તેવી જ રીતે વળતી દિશામાં ટ્રેન સંખ્યા 09029 વેલાંકન્નિ-ડહાણુ રોડ સ્પેશિયલ વેલાંકન્નિથી સોમવાર, 06 જુલાઈ, 2026ના રોજ મધ્યરાત્રિ પછી 00.30 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે 10.30 વાગ્યે ડહાણુ રોડ પહોંચશે.

આ ઉપરાંત, ટ્રેન સંખ્યા 09030 (વલસાડ-વેલાંકન્નિ)ને ડહાણુ રોડ સ્ટેશન પર એક વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે. આ સ્પેશિયલ ટ્રેનમાં મુસાફરોની સગવડતા માટે સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસના કોચ જોડવામાં આવશે.


**પંજાબ નૈશનલ બૈંક ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !**

**સર્કલ ઓફિસ સુરત :** તુલસી કૃપા આર્કેડ ( ચોથો માળ) આઈ માતા ચોક, સુરત, બારડોલી રોડ,સુરત – ૩૯૫૦૧૦ ફોન : ૦૨૬૧-૨૭૦૧૦૨૦ ૨૧/૨૨, મો : ૮૬૦૨૧૬૬૨૬૮ email : cosuratsamd@pnb.bank.in

**સ્થાયી મિલકતની ઈ-હરાજીથી વેચાણ અંગેની જાહેર નોટીસ**

**ઈ-હરાજી તા.૧૭.૦૭.૨૦૨૬** (સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી) **। નિરીક્ષણ તા. ૧૦.૦૭.૨૦૨૬ સુધી કામકાજ ના દિવસો માં** (સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી)

| નં. | શાખાનું નામ / ખાતાનું નામ / દેવાદાર/ જામીનદારોનું નામ અને સરનામું | સુરક્ષિત કરેલ મિલકતની વિગત: ગીરવે મુકેલ સ્થાયી મિલકતની વિગત અને માલિકનું નામ (મિલકતના ગીરવેદારો) | અ) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ માંગણા નોટીસની તારીખ / બ) સરફેસી એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ નોટીસ ની તારીખે બાકી રકમ વધારાનું વ્યાજ + ચાર્જીસ / ક) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૪) હેઠળ લીધેલ કબજાની તારીખ / ડ) કબજાનો પ્રકાર સાંકેતિક/પ્રત્યક્ષ/રચનાત્મક | અ) અનામત કિંમત / બ) ઈએમડી / ક) બોલી વધારાની રકમ (રૂા.લાખમાં) | સુરક્ષિત લેણદારની જાણમાં હોય તેવા અન્ય બાકીની વિગત / Property ID : |
|---|---|---|---|---|---|
| ૩૦ | **પીએનબી : મોટા વરાછા (૯૭૨૭૦૦)** **શ્રી ભરતભાઈ રામદેવભાઈ ગળ (દેવાદાર) અને ભાવનાબેન ભરતભાઈ ગળ (સહદેવાદાર)** સરનામું – ઘર નં. પી –૩૨૫ ક્રિષ્ણાકુંજ સોસાયટી, ૧લો માળ ખરવાસા રોડ, ડિંડોલી, સુરત, ગુજરાત– ૩૯૪૨૧૦ **નરેશ શહેબરાઉ ચૌધરી (જામીનદાર)** પ્લોટ નં. ૨૩૦, ગલી નં. ૩, સુભાષનગર લિંબાયત, ત્રીમુર્તીભવન નજીક, ઉધના, સુરત – ૩૯૪૨૧૦ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે જોલવા રેસીડન્સી તરીકે ઓળખાતી હાઉસીંગ સોસાયટી નો પ્લોટ નં. ૩૫૫ બુકિંગ પ્લાન મુજબ માપ ૬૬.૮૮ ચો.મી (કેજેપી મુજબ બ્લોક નં. ૨૨૩/૩૫૫ માપ ૬૬.૯૦ ચો.વાર એટલે ૫૫.૯૩ ચો.મી બરાબર) માપ ૧૨.૯૦ ચો.મીટર વણવહેચાયેલ હિસ્સા સાથે માપ ૩૧.૮૮ ચો.મીટર, સીઓપી કોમન રોડ , રેવન્યુ બ્લોક નં. ૨૨૩ ( જુનો સર્વે નં. ૧૮૨) મોજે ગામ જોલવા, તા. પલસાણા, જી. સુરત ગુજરાત ખાતે મિલકત ના વણવહેચાયેલ જમીન સાથે અને જેના ઉપર બાંધવામાં આવેલ સુપરસ્ટ્રકચર ઉપર તમામ હકકો અને તમામ પ્રકારની સુવિધાના તમામ અધિકારો સાથે છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : સોસાયટીનો રોડ, **પશ્ચિમ તરફ** : પ્લોટ નં. ૩૫૬, **ઉત્તર તરફ** : પ્લોટ નં. ૩૫૪, **દક્ષિણ તરફ** : સોસાયટીનો રોડ. **ગીરવેદાર નું નામ ભાવનાબેન ભરતભાઈ ગળ અને ભરતભાઈ રામદેવભાઈ ગળ** | અ) ૧૫.૦૪.૨૦૨૫ બ) રૂા.૧૬,૦૪,૯૨૪.૭૭/– + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચઓ ક) ૨૪.૦૧.૨૦૨૬ ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂા.૦૮.૫૯ બ) રૂા.૦.૮૫૯ ક) રૂા.૦.૧૦ | જાણમાં નથી PUNB 972700 BHAR01 |
| ૩૧ | **પીએનબી : પુણાકુંભારીયા,સુરત (૯૯૨૨૦૦)** **શ્રી અજયભાઈ નાનાભાઈ તવાર (દેવાદાર) અને શ્રીમતી શિતલ અજયભાઈ તવાર (સહદેવાદાર)** **સરનામું : (દેવાદાર/ સહદેવાદાર)** ૧૨૭, એકતા નગર, ગુજરાત હાઉસીંગ બોર્ડ, પરવત ગામ, જી. સુરત– ૩૯૫૦૧૦. અને ૧૧૬, સપના પાન સેન્ટર, રામેશ્વરા નગર, નીલગીરી સર્કલ નજીક, ડિંડોલી, સુરત (ગુજરાત) ૩૯૪૨૧૦ ૫૧, શ્રી હરી મહાદેવ નગર, ડિંડોલી, ઉધના, સુરત સીટી, સુરત (ગુજરાત)– ૩૯૪૨૧૦ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે શ્રૃષ્ટિ રેસીડેન્સી ના નામે ઓળખાતી હાઉસીંગ સોસાયટી નો પ્લોટ નં. ૮૧/બી, માપ ૪૫.૭૫ ચો. મીટર, જમીન રેવન્યુ સર્વે નં. ૪૩૦ (જુનો સર્વે નં. ૪૦૩) પ્રમાણસર વણવહેચાયેલ હિસ્સા માપ મોજે ગામ. ટુંડી, તા. પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે. મિલકત ના વણવહેચાયેલ જમીન સાથે અને જેના ઉપર બાંધવામાં આવેલ સુપરસ્ટ્રકચર ઉપર તમામ હકકો અને તમામ પ્રકારની સુવિધાના તમામ અધિકારો સાથે છે.જેની ચર્તુદિશા : **પૂર્વ તરફ** : સોસાયટીનો રોડ, **પશ્ચિમ તરફ** : પ્લોટ નં. ૯૪/બી, **ઉત્તર તરફ** : પ્લોટ નં. ૮૦/એ, **દક્ષિણ તરફ** : પ્લોટ નં. ૮૨/બી. **ગીરવેદાર નું નામ શ્રીમતી શિતલ અજય તવાર અને શ્રી અજયભાઈ નાનાભાઈ તવાર** | અ) ૧૨.૧૧.૨૦૨૫ બ) રૂા. ૧૩,૫૬,૧૬૯.૦૦ + વધારાનું વ્યાજ + ચાર્જીસ ક) ૨૮.૦૫.૨૦૨૬ ડ) પ્રત્યક્ષ કબજો | અ)રૂા.૦૮.૪૬ બ)રૂા.૦.૮૪૬ ક)રૂા.૦.૧૦ | જાણમાં નથી PUNB 992200 AJAY01 |
| ૩૨ | **પીએનબી : પુણાકુંભારીયા, સુરત (૯૯૨૨૦૦)** **શ્રી શિવકુમાર વર્મા તે ખજાનચી વર્મા ના પુત્ર (દેવાદાર) અને શ્રીમતી મમતા દેવી તે શિવકુમાર વર્મા ના પત્ની(સહદેવાદાર)** ૮૯, સાંઈ દર્શન રેસીડેન્સી, બગુમરા, તા.પલસાણા, જી.સુરત– ૩૯૪૩૦૫ મુ. કો/ઓ. ખજાનચી વર્મા : ઘર નં. ૧૮૦/૧૯, એસટી નં. ૧, મુસ્લીમ કોલોની, સેરપુર ફોકલ પોઈન્ટ, લુધિયાણા, પઠાણકોટ, જી. પઠાણકોટ, પંજાબ– ૧૪૧૦૧૦. અને મુ. ભગવાન વર્મા, દુદાહી જીરત, સીટી કુશી નગર (યુપી)– ૨૭૪૩૦૨ | તમામ હક,હિત અને સબંધ ધરાવતી મિલકત કે જે 'શ્રી ગોવર્ધન ડ્રીમ રેસીડેન્સી', તરીકે ઓળખાતી સોસાયટી નો પ્લોટ નં.૧૬૯ (કેજેપી રેકોર્ડ મુજબ બ્લોક નં. ૩૭૬/૧૬૯ કુલ માપ આશરે પ્લોટ એરીયા ૪૦.૧૫ ચો.મીટર, વણવહેચાયલ મિલકતના પ્રમાણસર હિસ્સા સહિત રોડ– રસ્તા અને સીઓપી જમીન એરીયા નું ૨૬.૨૩ ચો.મી, નો કામરેજમાં આવેલ જમીન રેવન્યુ સર્વે નં. ૨૯૩ પૈકી, જુનો બ્લોક નં. ૩૫૩/એ, તે મુજબ રી– સર્વે મુજબ નવો બ્લોક નં. ૩૭૬, ગામ. હલધરૂ, તા. કામરેજ, જી.સુરત, ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા : **પુર્વ તરફ** : જોડેની સોસાયટીનો રોડ, **પશ્ચિમ તરફ** : જોડેનો પ્લોટ નં.૧૭૬, **ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં.૧૭૦, **દક્ષિણ તરફ** : જોડેનો પ્લોટ નં.૧૬૮ **ગીરવેદાર નું નામ: શ્રી શિવકુમાર વર્મા અને શ્રીમતી મમતાદેવી શિવકુમાર વર્મા** | અ) ૧૧.૦૬.૨૦૨૫ બ) રૂા.૧૦,૧૪,૨૨૦.૭૩ + વધારાનું વ્યાજ + ચાર્જીસ ક) ૧૮.૧૨.૨૦૨૫ ડ) પ્રત્યક્ષ કબજો | અ)રૂા.૦૭.૦૧ બ)રૂા.૦.૭૦૧ ક)રૂા.૦.૧૦ | જાણમાં નથી PUNB 992200 SHIV01 |
| ૩૩ | **પીએનબી : ઉધના રોડ, સુરત (૪૫૩૫૦૦)** **શ્રી અભિષેક ઓમપ્રકાશ પાલ (દેવાદાર) અને શ્રીમતી સોની અભિષેક પાલ (સહદેવાદાર)** (દેવાદાર)નું **સરનામુ** : ઈન્દ્રિસીયા કમીટી, ઈન્દ્ર નગર, રાણી સતી માર્ગ, જનરલ સ્ટોર પાસે, સંજય નગર, મલાડ ઈસ્ટ, મુંબઈ (એમએચ)– ૪૦૦૦૯૭ અને : રૂમ નં. ૨૯, ઈન્દ્રિસીયા સોસાયટી, સંજય નગર,ઈન્દ્ર નગર, રાણી સતી માર્ગ, મલાડ ઈસ્ટ, વીટીસી મુંબઈ, સબ–ડિસ્ટ્રીક્ટ.બોરીવલી, જી.મુંબઈ (એમએચ)– ૪૦૦૦૯૭ અને : ૧૫૪, આરાધના આર્ચીડ, હલધરૂ, સુરત સીટ, સુરત– ૩૯૪૩૧૦(ગુજરાત) અને : પ્લોટ નં. ૩૮, શ્રી ગોવર્ધન ડ્રિમ રેસીડેન્સી, મોજે. હલધરૂ, જી.સુરત–૩૯૪૩૦૫ (ગુજરાત) અને : રાધે ફેશન, ૬૯–૭૫, રજો માળ, ઈશ્વર નગર સોસાયટી, ડુંભાલ ફાયર સ્ટેશન નજીક, લીંબાયત, જી.સુરત–૩૯૪૨૧૦ | તમામ હક, હિત અને સંબંધ ધરાવતો સ્થાયી મિલકત કે જે 'શ્રી ગોવર્ધન ડ્રિમ રેસીડેન્સી' તરીકે ઓળખાતી સોસાયટી નો પ્લોટ નં. ૩૮ (કેજેપી રેકોડ મુજબ બ્લોક નં. ૩૭૬/૩૮) આશરે કુલ પ્લોટ એરીયા માપ ૫૪.૭૨ ચો.વાર એટલે ૪૫.૭૫ ચો.મી વણવહેચાયેલ પ્રમાણસર હિસ્સા સહિત રોડ, રસ્તા અને સીઓપી જેનું માપ ૨૪.૮૮ ચો.મીટર, રેવન્યુ સર્વે નં. ૨૯૩ પૈકી, જુનો બ્લોક નં. ૩૫૩/એ રે–સર્વે મુજબ નવો બ્લોક નં. ૩૭૬ મોજે ગામ.હલધરૂ, તા. કામરેજ, જી.સુરત, ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા : **પુર્વ તરફ** : જોડેની પ્લોટ નં. ૩૭, **પશ્ચિમ તરફ** : જોડેની પ્લોટ નં. ૩૯, **ઉત્તર તરફ** : જોડેની સોસાયટી રોડ, **દક્ષિણ તરફ** :જોડેની પ્લોટ નં. ૬૦ **ગીરવેદાર : શ્રી અભિષેક ઓમપ્રકાશ પાલ અને શ્રીમતી સોની અભિષેક પાલ** | અ) ૧૫.૧૨.૨૦૨૫ બ) રૂા.૮,૯૫,૩૮૦.૦૦ + વધારાનું વ્યાજ + ચાર્જીસ ક) ૦૭.૦૩.૨૦૨૬ ડ) સાંકેતિક કબજો | અ) રૂા.૦૬.૦૩ બ) રૂા.૦.૬૦૩ ક) રૂા.૦.૧૦ | જાણમાં નથી PUNB 453500ABHI01 |

નિયમો અને શરતો : વેચાણ સિક્યોરિટી (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના નિર્ધારિત નિયમો અને શરતો અને નીચેની વધારાની શરતોને આધીન રહેશે. ૧. મિલકતો **'જેમ છે જ્યાં છે તેના આધારે'** અને **'જેમ છે જે છે તેના આધારે' અને 'જેમ છે ત્યાં છે તેના આધારે'** વેચવામાં આવી રહી છે. ૨. સરક્ષિત સંપત્તિઓની વિગતો ઉપરોક્ત સૂચિમાં ઉલ્લેખિત બાબતો અધિકૃત અધિકારીની શ્રેષ્ઠ માહિતી મુજબ જણાવવામાં આવી છે, પરંતુ અધિકૃત અધિકારી આ ઘોષણામાં કોઈપણ ભૂલ, ખોટી માહિતી અથવા ભૂલ માટે જવાબદાર રહેશે નહીં ૩. જો હરાજી કરાયેલ મિલકત સાંકેતિક કબજામાં હોય, તો મિલકતના પ્રત્યક્ષ કબજાની પ્રાપ્તિ પછી અને મિલકતના પરિસરમાં પડેલી કોઈપણ જંગમ વસ્તુઓની નિકાલ ર્ક્યા પછી જ સફળ ખરીદનારને પ્રત્યક્ષ કબજો આપવામાં આવશે. ૪. વેચાણ નીચે સહી કરનાર દ્વારા વેબસાઈટ https://baanknet.com પર **તા. ૧૭.૦૭.૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી** કરવામાં આવશે. પૂરા પાડવામાં આવેલ ઈ–ઓક્શન પ્લેટફોર્મ દ્વારા કરવામાં આવશે. ૫. સફળ બોલી લગાવનાર દ્વારા બેંક ને વેચાણ વિચારણાની ચુકવણી આવકવેરા અધિનિયમ ૧૯૬૧ ની કલમ 194-1A હેઠળ TDS ને આધીન રહેશે અને TDS સફળ બોલી લગાવનાર દ્વારા બાકીની ૭૫% બોલી રકમ /બોલી રકમની સંપૂર્ણ ડિપોઝિટ જમા કરાવતી વખતે જ કરવાનો રહેશે. ૬. ખરીદનાર/ ખરીદનાર (સૌથી વધુ બોલી લગાવનાર) એ SARFAESI એક્ટ ૨૦૦૨ હેઠળ બેંક દ્વારા વેચવામાં આવેલી સ્થાવર મિલકતોના વેચાણની રકમ પર જ્યાં, લાગુ પડે ત્યાં, આવકવેરા કાયદા ૧૯૬૧ ની કલમ 1941A મુજબ TDS કાપવા અને જમા કરાવવાની જરૂર છે, જેમાં ફોર્મ નં. 26QB રજૂ કરતી વખતે, સ્થાવર મિલકતના માલિક/ગીરો (ઉધાર લેનાર/જમીનદાર)ના નામે અને પાન નંબરનો સમાવેશ થાય છે. ૭. વેચાણની વિગતવાર શરતો અને શરતો માટે, કૃપા કરીને https://baanknet.com અને www.pnb.bank.in નો સંદર્ભ લો અથવા મો : ૮૬૦૨૧૬૬૨૬૮ પર કોલ કરો. ૮. કાનુની પ્રકિયા દ્વારા પ્રત્યક્ષ કબજો મેળવ્યા પછી સાંકેતિક કબજામાં રહેલી મિલકતો સફળ બોલી લગાવનારને સોંપવામાં આવશે. ૯. કોઈપણ કાનુની/કોર્ટ કાર્યવાહી અને/અથવા અધિકૃત અધિકારીના નિયંત્રણ બહારના કારણોસર પ્રત્યક્ષ કબજો મેળવવામાં કોઈપણ વિલંબ માટે અધિકૃત અધિકારીની જવાબદાર રહેશે નહીં.

Scan Here For Participation in E-Auction | SCAN HERE For detailed Terms & Conditions

**સરફેસી એક્ટ, ૨૦૦૨ ના રૂલ ૮(૬) હેઠળ કાનુની વેચાણ નોટીસ**

(આ હરાજીની સૂચનાના અંગ્રેજી સંસ્કરણ અને અન્ય કોઈપણ ભાષાના સંસ્કરણ વચ્ચે કોઈ વિસંગતતાની સ્થિતિમાં અંગ્રેજી સંસ્કરણ માન્ય રહેશે.)

તા.૩૦.૦૬.૨૦૨૬ । સ્થળ : સુરત — ચીફ મેનજર, અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક, સુરક્ષિત ક્રેડીટર


**અનુસંધાન**... પાના છેલ્લાનું

### 'ડિમાર્કેશન માટે...

કરિયેલે સ્પષ્ટ નિરીક્ષણ કર્યુ હતું કે જો અધિકારીઓ માત્ર ડિમાર્કેશન માટે સ્થળ પર ગયા હતા તો આટલી મોટી સંખ્યામાં પોલીસ શા માટે તૈનાત કરવામાં આવી હતી? સાથે જ રાજ્ય સરકારને સમગ્ર ઘટનાનો વિગતવાર જવાબ 2 જુલાઈ સુધીમાં રજૂ કરવાનો આદેશ આપતાં પીડિત પરિવારો માટે વૈકલ્પિક રહેઠાણની વ્યવસ્થા ચાલુ રાખવા પણ સૂચના આપી છે. સુનાવણી દરમિયાન જસ્ટિસ નિખિલ કેરિયલે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન અને ગુજરાત પોલીસ વિભાગની કામગીરી સામે તીવ્ર નારાજગી વ્યક્ત કરતા પૂછ્યું હતું કે, "સુરત મનપાના અધિકારીઓ સ્થળ પર માત્ર ડિમાર્કેશન (માપણી) માટે ગયા હતા કે ડિમોલિશન કરવા?"

કોર્ટે આકરા શબ્દોમાં પુછ્યું હતું કે જો ત્યાં માત્ર માપણી જ કરવાની હતી, તો ડીસીપી કક્ષાના ઉચ્ચ અધિકારીઓ સહિત આટલો મોટો પોલીસ કાફલો કોના આદેશથી હાજર હતો ? "જો ત્યાં પોલીસ બંદોબસ્ત ના હોત તો આ ડિમોલિશન શક્ય જ બનત નહીં. ડિમાર્કેશનની જગ્યાએ ગેરકાયદે ડિમોલિશન થઈ રહ્યું હતું, તો શું ત્યાં હાજર DCP કક્ષાના અધિકારીને તેની ખબર ના પડી? પોલીસની હાજરીમાં આવી ગુનાહિત પ્રવૃત્તિ થઈ છે અને પોલીસે ખોટા કામનો સપોર્ટ ન કરવો જોઈએ." સરકાર તરફથી ગુજરાત હાઈકોર્ટને ખાતરી આપવામાં આવી છે કે હાલ ઉચ્ચ અધિકારીઓની કમિટી દ્વારા આ મામલે ઝીણવટભરી તપાસ ચાલુ છે અને ૧૪૧ જેટલા અસરગ્રસ્તોને રાંદેર તથા કતારગામના શેલ્ટર હોમમાં તાત્કાલિક પાયાની સગવડો સાથે રાખવામાં આવ્યા છે. હાઈકોર્ટે રાજ્ય સરકારને ૨ જુલાઈ સુધીમાં આ મામલે સંપૂર્ણ અને વિગતવાર સોગંદનામું રજૂ કરવા આખરી આદેશ કર્યો છે.

### કોર્પોરેશનના સત્તાધીશો અને ખાનગી પક્ષકારો વચ્ચે સાઠગાંઠની આશંકા

બીજી તરફ, સુરત મહાનગરપાલિકાના કમિશનર વતી એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ કોર્ટને જણાવ્યું હતું કે આ ડિમોલિશન કોર્પોરેશનની કોઈ સત્તાવાર મંજૂરી કે આદેશ હેઠળ કરવામાં આવ્યું નથી. આ મામલે એક તપાસ સમિતિની રચના કરવામાં આવી છે અને તેનો રિપોર્ટ ટૂંક સમયમાં રજૂ કરાશે.જસ્ટીસ કરિયેલે આ બાબતને ગંભીર ગણીને એડવોકેટ જનરલને આદેશ આપ્યો છે કે તેઓ સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ અને કેટલાક ખાનગી પક્ષકારો વચ્ચેની સંભવિત સાંઠગાંઠ અને તપાસ સમિતિના અહેવાલ અંગે વિસ્તૃત સોગંદનામું રજૂ કરે.

### ટોરેન્ટ પાવર સામે પણ હાઈકોર્ટના સવાલો

સુનાવણી દરમિયાન વીજ પુરવઠો કાપવાના મુદ્દે પણ ચર્ચા થઈ હતી. ટોરેન્ટ પાવરે કોર્ટમાં જણાવ્યું કે તેમને SMC તરફથી ટેલિફોનિક જાણ કરવામાં આવી હતી. તેમની ટીમ સ્થળ પર પહોંચી ત્યારે ડિમોલિશનની કામગીરી શરૂ થઈ ચૂકી હતી અને અનેક મકાનો તૂટી ગયા હતા. વીજ પુરવઠો ચાલુ રહે તો દુર્ઘટના સર્જાઈ શકે તેવી શક્યતા હોવાથી વીજ પુરવઠો બંધ કરવામાં આવ્યો હતો. જસ્ટીસ કરિયેલે ટોરેન્ટ પાવરને પણ સમગ્ર પ્રક્રિયા અંગે વિગતવાર એફિડેવિટ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો.

### હાઈકોર્ટના જજ...

અધિકારીઓ સહિત આટલો મોટો પોલીસ બંદોબસ્ત કેમ ગોઠવવામાં આવ્યો હતો? જો સ્થળ પર ગેરકાયદે ડિમોલિશન થઈ રહ્યું હતું તો પોલીસએ તેને રોકવાનો પ્રયાસ કેમ કર્યો નહીં? કોર્ટની ટિપ્પણી હતી કે જો ખરેખર ખોટું થયું હોય તો પોલીસ તેનો સાથ આપી શકે નહીં. પોલીસનું કામ કાયદો અને વ્યવસ્થા જાળવવાનું છે, કાયદા વિરુદ્ધની કાર્યવાહી થવા દેવાનું નહીં.

### સુરતના પો...

નાંખી હતી. જસ્ટિસ કરિયેલે આકરા શબ્દોમાં જણાવ્યું હતું કે, જ્યારે માત્ર સરહદ નક્કી કરવા માટે પોલીસ બંદોબસ્ત માંગવામાં આવ્યો હોય અને ત્યાં ગેરકાયદે રીતે ડિમોલિશન થઈ રહ્યું હોય, ત્યારે ઘટનાસ્થળે હાજર સિનિયર પોલીસ અધિકારીઓની ફરજ હતી કે તેઓ હસ્તક્ષેપ કરે અને આવી ગેરકાયદે પ્રવૃત્તિને રોકે. પોલીસ કમિશનર જેવા ઉચ્ચ અધિકારીએ પણ આવી ગેરકાનૂની પ્રવૃત્તિની જાણ થતાં જ સુઓમોટો કાર્યવાહી કરી તાત્કાલિક પગલાં લેવા જોઈતા હતા, નહીં કે ઔપચારિક ફરિયાદની રાહ જોવી. ઘટના સ્થળે પોલીસ હાજર હોવા છતાં જો ગેરકાયદે પ્રવૃત્તિ થઈ હોય તો જવાબદારીમાંથી પોલીસ બચી શકે નહીં.

### માત્ર માપણી...

કમિશનર અને રાજ્ય સરકાર વતી કોર્ટમાં સ્વીકાર્યું હતું કે, "જે થયું તે નહોતું થવું જોઈતું."તેમણે માહિતી આપી કે SMC દ્વારા ડિમોલિશનનો કોઈ સત્તાવાર હુકમ કરાયો ન હતો. આ જમીન એક પારસી વ્યક્તિની માલિકીની છે અને ડેવલપરે માત્ર ફિઝિકલ ડિમાર્કેશનની માંગ કરી હતી.

### વિમાનમાં બાળકની...

સુધારો ન થતાં પાયલટે સુરક્ષા અને સાવચેતીના ભાગરૂપે સુરત એરપોર્ટ પર વિમાન ઉતારવાનો નિર્ણય લીધો હતો. આ બાળક બીમાર હતું, એ નવી મુંબઈની હોસ્પિટલમાં સારવાર લેવા જ ફલાઇટમાં એના વાલી સાથે જઈ રહ્યું હતું.

એર ટ્રાફિક કંટ્રોલ (ATC) તરફથી જાણ થતાં જ સીઆઈએસએફ, એરપોર્ટની મેડિકલ ટીમ, ઇન્ડિગો એરલાઇન્સ અને અન્ય સંબંધિત એજન્સીઓએ ઝડપી સંકલન કરી તમામ જરૂરી તૈયારીઓ પૂર્ણ કરી હતી. વિમાન સુરક્ષિત રીતે લેન્ડ થતાં જ મેડિકલ ટીમે બાળકને પ્રાથમિક સારવાર આપી હતી. ત્યારબાદ એમ્બ્યુલન્સ મારફતે તેને સુરતની સનસાઇન હોસ્પિટલમાં વધુ સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં નિષ્ણાત ડોક્ટરોની દેખરેખ હેઠળ તેની સારવાર શરૂ કરવામાં આવી હતી. સીઆઈએસએફે એરપોર્ટ તંત્ર, એરલાઇન અને મેડિકલ ટીમ સાથે અસરકારક સંકલન જાળવી બાળકને ઝડપથી સુરક્ષિત રીતે હોસ્પિટલ પહોંચાડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

### વરસાદની આગાહી...

તાપી તેમજ દમણ અને દાદરા-નગર હવેલીમાં ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કરાયું છે. રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ગાજવીજ અને 40થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે.

**4 જુલાઈ:** સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી તેમજ દમણ અને દાદરા-નગર હવેલીમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતાને પગલે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે વડોદરા, નર્મદા, ભરૂચ, છોટાઉદેપુર તેમજ અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ માટે ભારે વરસાદનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

**5 અને 6 જુલાઈ:** દક્ષિણ ગુજરાત સહિત પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, નર્મદા, ભરૂચ ઉપરાંત રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાં ભારે વરસાદ માટે યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

### આખરે ઉકળાટમાંથી...

અલથાણ, ડુમસ રોડની સાથે સાથે અન્ય વિસ્તારોમાં પણ વરસાદ પડ્યો હતો. વરસાદને પગલે સુરતીઓનો સતત ઉકળાટમાંથી છુટકારો થયો હતો. તો બીજી તરફ ખેડૂતો પણ ખુશ થઈ ઉઠ્યા હતા. જુલાઈ માસના પ્રથમ સપ્તાહમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી જ છે પરંતુ તે પહેલા પડેલા વરસાદે વાતાવરણમાં ઠંડક લાવી દીધી હતી.

બીજી તરફ સુરત ઉપરાંત આજે દિવસભર તાપી જિલ્લામાં વાદળછાયા વાતાવરણ વચ્ચે વાલોડ તાલુકામાં ૨ ઈંચ જેટલો નોંધપાત્ર વરસાદ પડ્યો હતો, જ્યારે વ્યારા, ડોલવણ અને સોનગઢમાં હળવાં ઝાપટાં પડ્યાં હતાં. વાલોડના સામરચાળી ફળિયામાં મહાદેવ મંદિરના પટાંગણનો પતરાનો શેડ સામાન્ય વરસાદમાં જ તૂટી પડ્યો હતો. ભરૂચ શહેર સહિત અંકલેશ્વર, ઝઘડિયા, વાલિયા અને નેત્રંગ પંથકમાં વરસાદી છાંટા પડતાં લોકોને ભારે ઉકળાટથી મોટી રાહત મળી છે. વલસાડ જિલ્લામાં વાપીને બાદ કરતા તમામ વિસ્તારોમાં દિવસ દરમિયાન ધીમી ધારે વરસાદ વરસ્યો હતો. બે નાનાપોંઢા અને ઉમરગામમાં એક એક ઈંચ વરસાદ વરસ્યાના સમાચાર પ્રાપ્ત થયા છે. જેના કારણે કેટલાક વિસ્તારોમાં પાણી ભરાયાં હતાં. ચીખલી અને પારડી પંથકમાં પણ સોમવારે વરસાદ વરસ્યો હતો.

### 5 વર્ષની...

પરથી ફરી વળતાં તેને અત્યંત ગંભીર ઈજાઓ પહોંચી હતી. બાળકીની ચીસો અને અકસ્માતનો અવાજ સાંભળતા જ માતા-પિતા તથા આસપાસના લોકો દોડી આવ્યા હતા. લોહીલુહાણ હાલતમાં પડેલી આરતીને તાત્કાલિક સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જોકે, તબીબોએ તપાસ બાદ તેને મૃત જાહેર કરતાં માતા-પિતાની દુનિયા એક જ પળમાં ઉજડી ગઈ. પોતાની આંખો સામે લાડકી દીકરીને ગુમાવ્યાનો આઘાત પરિવાર માટે અસહ્ય બની ગયો હતો.

### અકસ્માત કરીને કારચાલક ભાગી ગયો

અકસ્માત સર્જ્યા બાદ કારચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. સમગ્ર ઘટનાને પગલે સચિન પોલીસે કારચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે. સાથે જ અકસ્માતની પરિસ્થિતિ અને બેદરકારીના તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### બારડોલીના બે...

ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા સોનાના દાગીના અને સોનાની કલાકૃતિઓના હોલમાર્કિંગ ઓર્ડર, 6 સપ્ટેમ્બર 2023 અનુસાર, સોનાના દાગીના પર હોલમાર્કિંગ ફરજિયાત કરવામાં આવ્યું છે. ગુજરાતના 27 જિલ્લાઓમાં હોલમાર્કિંગ ફરજિયાત છે, જેમાં સુરત પણ એક છે. એટલે કે કોઈ પણ ઉત્પાદક કે વેપારી હોલમાર્ક વગરના સોનાના દાગીનાનું વેચાણ અને સંગ્રહ કરી શકશે નહીં. આવું કરતા પકડાશે તો ભારતીય માનક બ્યુરો અધિનિયમ, 2016 ની કલમ 15 ના ઉલ્લંઘન બદલ કાર્યવાહી કરવામાં આવશે. આ ગુનો શિક્ષાપાત્ર છે, જે અંતર્ગત એક વર્ષ સુધીની કેદ અથવા ઓછામાં ઓછો 1,00,000નો આર્થિક દંડ અથવા બંનેની જોગવાઈ છે.

અપ્રમાણિક જ્વેલર્સ સામાન્ય રીતે જનતાને છેતરવા માટે હોલમાર્ક વગરના સોનાના દાગીનાનું વેચાણ કરે છે. ભારતીય માનક બ્યુરો સમયાંતરે આ પ્રકારની સામગ્રીના ઉપયોગથી થતી છેતરપિંડી અને સંભવિત સુરક્ષા જોખમોથી સામાન્ય જનતાને બચાવવા માટે, દુરુપયોગ અંગે મળેલી,એકત્રિત કરેલી માહિતીના આધારે શ્રેણીબદ્ધ દરોડા પાડે છે.

### અંકલેશ્વર GIDCમાં...

અધિકારીઓએ પ્લાન્ટનું નિરીક્ષણ કર્યું હતું અને બ્લાસ્ટના કારણો જાણવા માટે વિગતવાર તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.